# ગુજરાતમાં વધુ ૧૩ કેસ, કુલ ૮૭

| અમદાવાદ | વડોદરા | સુરત | રાજકોટ | ગાંધીનગર | કચ્છ | ભાવનગર | મહેસાણા | ગીરસોમનાથ | પોરબંદરમાં | પંચમહાલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૧ | ૦૯ | ૧૨ | ૧૦ | ૧૧ | ૦૧ | ૦૬ | ૦૧ | ૦૨ | ૦૩ | ૦૧ |

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતમાં કોરોના કેસોની સંખ્યામાં ઝડપથી વધારો થઇ રહ્યો છે અને આંકડો ચિંતાજનકરીતે વધી રહ્યો છે. આજે અમદાવાદમાં નવા છ કેસ સાથે આઠથી વધુ નવા પોઝિટિવ કેસો સપાટી ઉપર આવ્યા હતા. આની સાથે જ કેસોની સંખ્યા ઝડપથી વધીને ૮૬ ઉપર પહોંચી છે. કેટલાક સેમ્પલોના ટેસ્ટ પરિણામ આવ્યા નથી. બીજી બાજુ નિઝામુદ્દીન વિસ્તારની મુલાકાત લઈને આવેલા લોકોની યાદી પણ કેન્દ્ર સરકાર તરફથી આપી દેવામાં આવી છે. આશરે ૧૫૦૦ વ્યક્તિની યાદી સોંપવામાં આવી છે. આ લોકોનું ટ્રેકિંગ શરૂ કરાયું છે. આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડોક્ટર જયંતિ રવિએ જણાવ્યું છે કે, નોવેલ કોરોના વાયરસ સંક્રમણને અટકાવવા માટે દેશભરમાં લોકડાઉન છે જેનો રાજ્યમાં સરસ રીતે અમલ થઈ રહ્યો છે ત્યારે નાગરિકો પણ સ્વયં સંયમ રાખીને ચુસ્ત અમલ કરે એ જરૂરી છે. એ આપણા સૌની જવાબદારી અને સૌની ફરજ છે, તો જ સંક્રમણની સાંકળને આપણે આગળ વધતી અટકાવી શકીશું. આજે રાજ્યમાં કોરોના વાયરસની અપડેટ વિગતો આપતા ડો.રવિએ કહ્યું કે, રાજ્યમાં આજે નવા આઠ પોઝેટીવ કેસ નોંધાયા છે. જે તમામે તમામ અમદાવાદના છે. જેમાં ચાંદખેડા, બોડકદેવ, રાયપુર, શાહપુર, કાલુપુર અને બાપુનગર વિસ્તારનો સમાવેશ થાય છે. આ સાથે ગુજરાતમાં કુલ ૮૭ પોઝિટિવ કેસો નોંધાયા છે જેમાં અમદાવાદના ૩૧, ગાંધીનગર ૧૧, રાજકોટ ૧૦, કચ્છ ૦૧, ભાવનગર ૬, પોરબંદર ૩, ગીરસોમનાથ ૨, મહેસાણા ૧, વડોદરા ૯, સુરત ૧૨, પંચમહાલ ૧નો સમાવેશ થાય છે અત્યાર સુધીમાં રાજ્યમાં ૧૫૮૬ સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું છે જેમાં ૧૫૦૧ સેમ્પલ નેગેટિવ આવ્યા છે અને ૮૬ કેસ પોઝિટિવ આવ્યા છે જ્યારે ત્રણ કેસનો રિપોર્ટ પેન્ડિંગ છે. જે ૮૬ કેસ પોઝિટિવ આવ્યા છે તેમાં ૬૭ કેસ સ્ટેબલ, ૩ વેન્ટિલેટર ઉપર અને ૬ દર્દીઓ સાજા થઈ જતાં તેમને રજા આપી દેવામાં આવી છે. ડોક્ટર રવિએ કહ્યું કે, આજે જે નવા આઠ કેસ પોઝિટિવ આવ્યા છે એમાં અમદાવાદના પાંચ પુરુષ અને ત્રણ સ્ત્રીનો સમાવેશ થાય છે જે તમામ લોકલ ટ્રાન્સમિશનને પરિણામે પોઝિટિવ થયા છે. તેમણે કહ્યું કે, કવોરન્ટાઈનમાં રહેલ વ્યકિતઓને શારીરિક તેમજ માનસિક સ્વાસ્થ્યની સમસ્યાઓ માટે રાજ્યમાં ૧૧૦૦ હેલ્પલાઈન કાર્યરત છે. જેમાં ૩૬૬ કોલ મળ્યા છે તે પૈકી ૧૯૨ કોલ મેન્ટલ હેલ્થને લગતા અને ૧૭૩ કોલ શારીરિક હેલ્થને લગતા છે. જે તમામને યોગ્ય માર્ગદર્શન અને જરૂર જણાય ત્યાં સારવાર આપવામાં આવી છે. ડૉ.રવિએ ઉમેર્યું કે, આ પરિસ્થિતીમાં થેલેસિમીયા અને અન્ય હિમોગ્લોબીનોપથીથી ગ્રસ્ત બાળકો અને દર્દીઓને મુશ્કેલી ન પડે તે માટે મુખ્યમંત્રી વિજય રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આપેલી સુચનાને ધ્યાને લઈ ઈન્ડિયન રેડક્રોસની મદદથી જીલ્લા અને તાલુકા મથકે આવેલ સરકારી હોસ્પિટલો ખાતે આવા તમામ દર્દીઓને જરૂરી સારવાર મળી રહે તે માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. જે અંતર્ગત રેડક્રોસ દ્વારા સરકારી હોસ્પિટલની મદદથી તા.૩૧/૦૩/૨૦૨૦ સુધીમાં ૯૭ થેલેસિમીયા અને અન્ય હિમોગ્લોબીનોપથીથી ગ્રસ્ત બાળકોને ૧૨૩ યુનિટ લોહી ચઢાવવામાં આવેલ છે. તે ઉપરાંત બાવન બાળકોને દવાઓ આપવામાં આવી છે. તેમણે ઉમર્યું કે, રાજયમાં હાલની પરિસ્થિતિ કે જેમાં હાલ લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહયું છે. તેને ધ્યાને લઇ રાજય સરકારે સઘન સર્વેલન્સ કામગીરી હાથ ધરવાનો નિર્ણય લીધો છે. જેનું ઘનિષ્ટ મોનીટરીંગ આરોગ્ય કમિશ્નરશ્રી ની કચેરીથી કરવામાં આવી રહ્યું છે. આ સર્વેલન્સમાં પોઝીટીવ મળતાં દર્દીઓના આજુબાજુના કન્ટેન્મેન્ટ ઝોન અને બફર ઝોનમાં ભારત સરકારની માર્ગદર્શીકા અનુસાર કામગીરી હાથ ધરવામાં આવશે. ડો.રવિ કહ્યું કે, દિલ્હીમાં નિઝામુદીન વિસ્તારમાં એકઠા થયેલ વ્યકિતઓમાં જોવા મળેલ પોઝિટીવ કેસોને ધ્યાને લઇ ભારત સરકારે આ સમયગાળા દરમ્યાન તે વિસ્તારની મુલાકાત લીધેલ અંદાજીત ૧૫૦૦ વ્યકિતઓની યાદી રાજય સરકારને સુપ્રત કરી છે. જેના આધારે આવા તમામ વ્યકિતઓનું રાજય સરકારે ટ્રેકીંગ ચાલુ કરેલ છે. આવા વ્યકિતઓ તેમજ તેઓના ઘનિષ્ઠ સંપર્કમાં આવેલ વ્યકિતઓમાં રોગના લક્ષણો છે કે કેમ તેની માહિતી એકઠી કરવામાં આવી રહી છે.

## તલોદ પાલિકાની ગંદકીયુક્ત કેનાલથી રહિશોમાં કોરોના જેવા અન્ય રોગોનો ભય

તલોદ, તા. ૧

તલોદ નગરપાલિકાના ગિચ વિસ્તાર એવા વણઝારાવાસમાં

મસમોટી અને લાબી એવી કેનાલ ગંદકીથી ખદબદતા રહિશોમાં કોરોના વાયરસ જેવા ભયાનક અન્ય રોગોનો પણ ભય ઉભો થયો છે. છેલ્લા કેટલાય સમયથી આ કેનાલની સ્વચ્છતા જાળવવામાં આવી નથી. વારંવાર પાલિકાથી માંડી અનેક પદાધિકારીઓને રજુઆતો કરવા છતાં રહિશોને ઘર આંગણે કાયમી ધોરણે આ ગંદકી વેઠવી પડે છે. ઠેર ઠેર માંદગીના આટલા રોગિસ્ટ વાતાવરણના લીધે અનેક લોકો મોતને નોતરી રહ્યા છે. આ ગિચ રહેણાંકમાં ગરીબ અને મધ્યમ લોકો ઘરોમાં પણ આ ગંદકીથી સુરક્ષીત નથી.

દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર દેશમાં લોકડાઉનથી કોરોના વાયરસ જેવા જીવલેણ રોગો નેસ્ત નાબુદ કરવા એક પડકાર ઉભો કરી વિશ્વમાં મોદીના વહિવટથી પ્રશંસા ઉભી થઈ છે. ગરીબોને જીવન નિર્વાહમાં અનાજથી માંડી રોજીંદી આવક, બેંક એકાઉન્ટમાં મળી રહે તેવી સુવિધા પણ કરવામાં આવી છે. પરંતુ તલોદપાલિકાના મનસ્વી વહિવટથી અનેક પ્રકારના જીવજંતુથી ભરેલી આ ભરચક કેનાલ કોરોના કરતા પણ ભયાનક રોગોથી પીડાતા લોકોમાં એક દહેશત ઉભી થવા માંડી છે.

અસંખ્ય રહિશોના વચ્ચે બનેલી આ લાંબી કેનાલનો કેટલાક લોકો દ્વારા દુરઉપયોગ પણ થાય છે. તપાસ કરતા સેનેટરી વિભાગ દ્વારા લોકોને સ્વચ્છ કરી આપવાના બહાના હેટળ મુર્ખ પણ બનાવી રહ્યા છે. કાઉન્સીલરો તેમજ કેટલાક ઉચ્ચકક્ષાના આદેશને પણ વહિવટકર્તા છેદ ઉડાડી રહ્યા છે. કેટલાક રહિશો દ્વારા આ ગંદકીયુક્ત કેનાલનું સફળ ઓપરેશન નહિ કરવામાં આવે તો આગામી પાલિકાની ચૂંટણીમા મતડાઉન જેવી સ્થિતિ પણ ઉભી થાય તેવું લોકો દ્વારા જાણવા મળ્યુ છે.

## દિલ્હીની જમાતમાંથી આવેલા બનાસકાંઠાના ૧૭ વ્યક્તિઓને હોમ કોરેન્ટાઈન કરાયા

### કોરોનાના શંકાસ્પદ લક્ષણો ન જણાતાં હાશકારો

પાલનપુર

દિલ્હીની મસજીદમાં તબલગી મરકજ માટે ગયેલા વ્યક્તિઓ કોરોના પોઝીટીવ હોવાનો રિપોર્ટ બહાર આવતાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ વ્યક્તિઓમાં બનાસકાંઠા જિલ્લાના પણ ૧૭ વ્યક્તિઓ ગયા હતા. જેઓ ચુપચાપ પરત આવી ગયા હોય જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આવા વ્યક્તિઓની ઓળખ કરી તેમને હોમ કોરેન્ટાઈ કરાયા છે. જોકે, આ વ્યક્તિઓમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો ન જણાતાં તંત્રના અધિકારીઓએ હાશકારો અનુભવ્યો છે.

દિલ્હીની મસજીદમાં ૧૩ થી ૧૫ માર્ચ દરમિયાન તબલગી મરકજ માટે દેશ તેમજ વિદેશના ૮૦૦૦થી વધુ લોકો એકત્ર થયા હતા. જે પૈકી ૨૪ વ્યક્તિઓ કોરોના પોઝીટીવ હોવાનો રિપોર્ટ બહાર આવ્યો છે. ૩૦૦થી વધુને શંકાસ્પદ લક્ષણો જોવા મળ્યા છે. જ્યારે ૭ લોકોના કોરોનાથી મોત નિપજ્યા છે. આવી સ્થિતિમાં દેશભરમાં ભારે ખળભળાટ મચી ગયો છે. ત્યારે દિલ્હી ગયેલા આ વ્યક્તિઓમાં બનાસકાંઠા જિલ્લાના પણ ૧૭ વ્યક્તિઓ પણ હતા. આ અંગે જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મનીષ ફેન્સીએ જણાવ્યું હતું કે, દિલ્હીથી આ લોકો ચુપચાપ પરત આવી ગયા હોય જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા આવા વ્યક્તિઓની ઓળખ કરી તેમને હોમ કોરેન્ટાઈ કરાયા છે. જોકે, આ વ્યક્તિઓમાં કોરોનાના શંકાસ્પદ લક્ષણો જણાયા નથી.

**જિલ્લામાંથી ઘરમાં પુરાયેલા વ્યક્તિઓ**

પાલનપુર : ૪, વડગામ : ૮, દાંતા : ૧, દિયોદર : ૧, કાંકરેજ : ૧, લાખણી : ૧, સુઈગામ : ૧

## અરવલ્લી જિલ્લાવાસીઓ માટે હાશકારો દિલ્હીમાં જમાતમાં જિલ્લાના એકપણ જમાતી સામેલ નહિ

તબલીગી જમાત ફરી એક વખત ચર્ચાનો વિષય બન્યા છે. તાજેતરમાં મરકજમાં હજારો લોકો એકત્ર થવાના કારણે તબગીલી જમાત અત્યારે ચર્ચાનો વિષય બની ગયા છે. દિલ્હીના તબલીગી જમાત કાર્યક્રમમાં કોરોના વાયરસનાં સંક્રમણનો સૌથી મોટો કેસ સામે આવતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. આ જમાતમાં વિદેશીઓ સહીત દેશનાં ૧૧ રાજ્યોના લોકો સામેલ થયા હોવાનું સામે આવ્યું છે. જેમાં ગુજરાતનાં પણ અમુક લોકો દિલ્હી ગયા હોવાની માહિતી મળતા રાજ્ય પોલીસ વડા શિવાનંદ ઝાએ તપાસના આદેશ ક્રાઈમબ્રાન્ચને આપી દીધા છે. મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં તબલીગી જમાત સાથે અનેક લઘુમતીઓ જોડાયેલા છે ત્યારે અરવલ્લી જીલ્લાના પ્રજાજનોમાં પણ ફફડાટ ફેલાયો છે. અરવલ્લી જીલ્લા વહીવટીતંત્ર અને પોલીસતંત્રએ આ અંગે સર્વે અને તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

આ અંગે જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે જણાવ્યું હતું કે દિલ્હીનાં નિઝામુદ્દીનમાં

૧૩ માર્ચથી ૧૫મી માર્ચ સુધી થયેલી તબલીગી જમાતની ધાર્મિક સભામાં મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાનો કોઈ પણ વ્યક્તિ સામેલ થયો નથી. સરકાર તરફથી આપવામાં આવેલ તબલીગી જમાતની સભામાં સામેલ થયેલ લિસ્ટમાં મોડાસા શહેર સહીત કોઈ પણ વ્યક્તિની નામ નથી તેમ છતાં તકેદારીના ભાગરૂપે સર્વેની કામગીરી હાથ ધરી તપાસ કરવામાં આવી રહી છે. દિલ્હી તબલીગી જમાતમાં ગયેલા લોકોના સંપર્કમાં પણ કોઈ આવ્યું હોય તો તેની પણ તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જણાવી જો કોઈ વ્યક્તિને ધ્યાનમાં આવું કઈ હોય તો ધ્યાન દોરવા આહવાન કર્યું હતું .

હાલ તો દિલ્હીનાં નિઝામુદ્દીનમાં ૧૩ માર્ચથી ૧૫મી માર્ચ સુધી થયેલી તબલીગી જમાતની ધાર્મિક સભામાં મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લાનો કોઈ પણ વ્યક્તિ સામેલ થયો ન હોવાથી વહીવટીતંત્ર, પોલીસતંત્ર અને જિલ્લાવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે.

### સાબરકાંઠા જિલ્લાથી પગપાળા વતન જતાં

## ૩૦૩ શ્રમિકોને હિંમતનગર ખાતે શેલ્ટર હૉમમાં રાખવામાં આવ્યા

### આરોગ્યકર્મીઓ દ્વારા તેમનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું તેમજ ભોજન સહિતની વ્યવસ્થા કરાઈ

લોકડાઉનના કારણે હિંમતનગરથી પોતાના વતન તરફ પગપાળાં જતાં પરપ્રાંતિય ૨૮૩ અને ૨૦ જેટલાં અન્ય જિલ્લાના શ્રમિકોને પોલીસકર્મીઓ દ્વારા અટકાવી તે અંગે જિલ્લા વહિવટી તંત્રને જાણ કરતાં તમામ શ્રમિકોને હિંમતનગર ખાતે બનાવવામાં આવેલ આશ્રય સ્થાનોમાં રાખવામાં આવ્યા છે. આરોગ્યકર્મીઓ દ્વારા તેમના આરોગ્યની તપાસણી ઉપરાંત તેમના ભોજન સહિતની વ્યવસ્થા પણ કરવામાં આવી.

કોરોના વાયરસ સંક્રમણની શક્યતાઓના પગલે દેશભરમાં આપવામાં આવેલા લોકડાઉનના પગલે રાજ્યના વિવિધ વિસ્તારોમાં કામ કરતાં શ્રમિકો પોતાના વતન પાછા ફરી રહ્યા છે. સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરથી ૩૦૩ જેટલાં શ્રમિકો પોતાના વતન પગપાળા જઈ રહ્યા હતા. જિલ્લા કલેક્ટરશ્રી સી.જેપટેલની સુચનાથી શ્રમિકોની રહેવા ભોજન સહિત તમામ વ્યવસ્થા કરી હિંમતનગરની બહેરામુંગા શાળા, મંદબુધ્ધિ શાળા, આદર્શ નિવાસી શાળા (વિ.જા) હિંમતનગર ખાતે શેલ્ટર હૉમમાં આશ્રય આપવામાં આવ્યો છે.

આ શ્રમિકોને શેલ્ટર હૉમમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તેમનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું. ૩૦૩ શ્રમિકો માટે સ્વૈચ્છીક સંસ્થાના સહયોગથી ભોજન પુરૂં પાડવામાં આવી રહ્યું છે. જિલ્લા વહિવટી તંત્ર દ્વારા શ્રમિકોને ૨૧ દિવસના લોકડાઉન સમય સુધી આ શેલ્ટર હોમ્સમાં જ રાખવામાં આવશે. આ લોકડાઉનનો ચુસ્ત અમલ થાય તે માટે જે જ્યાં છે ત્યાં જ રહેની મુખ્યમંત્રીશ્રીની અપીલના પગલે હાલ આ સ્થળ છોડવા માટે મનાઇ ફરમાવવામાં આવી છે. સાથે જરૂરિયાતના સમયમાં જિલ્લા વહિવટી તંત્રનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે.

## સંક્રમિત વ્યક્તિઓથી અંતર રાખવા માટે ડિવાઇસ પાલનપુર એસ. એસ. આઇ. પીના વિદ્યાર્થીઓએ બનાવી

કોરોનાને પગલે શંકાસ્પદ વ્યક્તઓ બીજા કોઈને ચેપ ન લાગે તે માટે ૧૪ દિવસ સુધી હોમ કોરોનટાઇનમાં રહેવાની સુચનાઓ અપાઇ છે.આમ છતાં કેટલાક હોમકોરોનટાઇન વ્યક્તિઓ ઘરમાથી બહાર નીકળી જતા હોઇ છે.જેમના ઉપર નજર રાખી શકાઇ તે પ્રકારની ડિવાઇસ પાલનપુર એસ.એસ.આઇ.પીના વિધાર્થીઓ એ બનાવી છે.

સમગ્ર વિશ્વમાં કોરોના સંક્રમણને લઇ ભય હેઠળ છે.સંક્રમિત વ્યક્તિઓથી અંતર રાખવા માટે સરકાર દ્વારા અનેક પ્રયાસો થઇ રહયા છે.કોરોના શંકાસ્પદ વ્યક્તિઓને હોમ કોરોનટાઇનમા રહેવાની ફરજીયાત સુચનાઓ અપાઇ હોવા છતાં કેટલાક લોકો ઘરની બહાર નીકળી પડે છે.જેમના વિરુદ્ધ પોલીસે ફરિયાદ નોંધવાનુ ચાલુ કર્યુ છે.ત્યારે પાલનપુર પોલીટેકનિક એસ.એસ.આઇ.પી.ના વિધાર્થીઓએ હોમકોરોનટાઇન દર્દી જો રુમની બહાર નીકળવાનો પ્રયત્ન કરશેતો ડીવાઇસમાં લાગેલી પેસીવ ઇનફ્રારેડ હીટ સેન્સર દ્વારા ૭ મીટર સુધીમાં રહેલા વ્યક્તિઓનુ ટેમપરેચર સેન્સર કરે છે.જેના કારણે બહાર નીકળતી વ્યક્તિઓને ટ્રેસ કરશે અને સાઇરન ચાલુ થઇ જાય છે.અને સોસાયટીના લોકોને ખબર પડી જાય છે.

### જરૂરિયાતમંદોને ઘઉંના લોટનું વિતરણ કરાયું

લોકડાઉન સમયગાળામાં શહેરના જરૂરિયાતમંદ પરિવારોને મદદરૂપ થવા નાગરિકો કરૂણા દાખવી રહ્યાં છે. શહેરના ઈન્ફોસિટી કોમ્પલેક્ષ ખાતેની મારૂતિનંદન ગેસ એજન્સી દ્વારા પણ શહેરના સેક્ટર-૬માં ૪૦૦ કિલો ઘઉંના લોટનું જરૂરિયાતમંદોમાં વિતરણ કરવામાં આવ્યું હતું.

## જમાતીઓની દેશભરમાં શોધ...

● પહેલા પાનાનું ચાલુ

ગઇ હતી. આજે કેસોની સંખ્યા ૧૯૦૦થી ઉપર પહોંચી હતી. ભારતમાં કોરોના વાયરસનો પ્રથમ કેસ ૩૦મી જાન્યુઆરીના દિવસે આવ્યો હતો. ત્યારબાદ બે મહિનામાં કેસોની સંખ્યા ૧૫૦૦ થઇ હતી. જ્યારે ત્યારબાદ ૧૪મી માર્ચ બાદ કેસોમાં એકાએક જંગી વધારો થયો છે. કુલ કેસો પૈકી ૪૦ ટકા કેસો છેલ્લા ત્રણ દિવસમાં નોંધાયા છે. મોતનો આંકડો વધીને ૩૨ ઉપર પહોંચી ચુક્યો છે. સ્વસ્થ થયેલા લોકોની સંખ્યા ૧૦૨ ઉપર રહેલી છે. મોડી રાત સુધી કેસોમાં વધારો જારી રહ્યો હતો. મહારાષ્ટ્રમાં કેસોની સંખ્યા ૩૩પથી પણ ઉપર પહોંચી ચુકી છે જ્યારે રાજસ્થાનમાં કેસોની સંખાયા ૯૩ ઉપર પહોંચી છે. કુલ ૪૯ વિદેશી નાગરિકો પણ કોરોનાના સર્કજામાં આવ્યા છે. ૨૧ દિવસના લોકડાઉનના ગાળાનો દોર કઠોર રીતે હાલમાં દેશમાં અમલી છે. કેસોની સંખ્યા અને મોતનો આંકડો ચિંતાજનક રીતે વધી રહ્યો છે. વડાપ્રધાન મોદી સતત એક્શનમાં છે. સીધીરીતે માહિતી દરરોજ ૨૦૦થી પણ વધુ લોકો પાસેથી મેળવી રહ્યા છે. દેશમાં ૧૦૩ લોકો સ્વસ્થ થઇને હોસ્પિટલમાંથી ઘરે જતા રહ્યા છે. ૩૯ના મોત થયા છે. કોરોના વાયરસના કેસો ભારતમાં પણ હવે વધી રહ્યો છે. કોરોનાને રોકવાના હેતુસર સાવચેતીના પગલા લેવાનો સિલસિલો જારી છે. ધાર્મિક સ્થળોને પણ એક પછી એક બંધ કરવામાં આવી ચુક્યા છે. ઐતિહાસિક સ્મારકોને પણ બંધ કરી દેવાયા છે. દેશના તમામ રાજ્યોમાં સ્કુલ કોલેજો, મલ્ટીપ્લેક્સ, સિનેમાહોલ અને મોલને બંધ કરવાની જાહેરાત કરવામાં આવી ચુકી છે. ભારતમાં કોરોનાના વધતા કેસો વચ્ચે તકેદારી સતત વધી રહી છે. કોરોના વાયરસે ૨૭ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને સર્કજામાં લઇ લીધા છે. સરકાર દ્વારા હેલ્પલાઇન નંબર જારી કરવામાં આવ્યા છે.

## એકાએક વધારો...

● પહેલા પાનાનું ચાલુ

જોડાયેલા મળ્યા છે. આરોગ્ય મંત્રાલયમાં સંયુક્ત સચિવ લવ અગ્રવાલે આજે માહિતી આપતા કહ્યં હતું કે, દિલ્હીમાં જમાત સાથે જોડાયેલા ૧૮૦૦ લોકોને નવ જુદી જુદી હોસ્પિટલ અને ક્વોરનટાઈનમાં રાખવામાં આવ્યા છે. ૨૪ કલાકમાં જે નવા કેસ આવ્યા છે તે છેલ્લા કેટલાક દિવસથી જે ટ્રેન્ડ છે તેના કરતા અલગ દેખાઈ આવ્યા છે. મંત્રાલયે લોકોને લોકડાઉનના ગાળા દરમિયાન કોઈપણ ધાર્મિક કાર્યક્રમ અને સોશિયલ ધાર્મિક કાર્યક્રમથી દૂર રહેવા માટે સલાહ આપી છે. તમામ નિયમોને કઠોરરીતે પાળવા માટે કહેવામાં આવ્યું છે. આરોગ્ય મંત્રાલયનું કહેવું છે કે, ભારતીય રેલવે દ્વારા ૩.૨ લાખ આઈસોલેશન અને ક્વોરનટાઈન બેડ બનાવવાની કામગીરી હાથ ધરી છે. આના માટે ૨૦૦૦૦ હજાર કોસનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. ૫૦૦૦ કોચમાં મોડીફિકેશનનું કામ શરૂ કરવામાં આવ્યું છે. આનાથી ૮૦૦૦૦ નવા બેડ ઉપલબ્ધ થશે. કોરોના સામેની લડાઈ જોરદારરીતે લડવામાં આવી રહી છે. દિન પ્રતિદિન એક પછી એક નવા કેસો ખુલી રહ્યા છે ત્યારે તૈયારીઓ પણ અનેકગણી કરવામાં આવી રહી છે. તમામ રાજ્યમાં બેઠકોના દોર પણ ચાલી રહ્યા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય દ્વારા વિગતવાર માહિતી આપવામાં આવી હતી. નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા મેડિકલ અને જરૂરી સામગ્રીના સપ્લાય માટે ઉંડાણ જારી રાખી છે. છેલ્લા પાંચ દિવસમાં ઉંડાણ મારફતે ૧૫.૪ ટન મેડિકલ સપ્લાય પહોંચાડવામાં આવી છે. લવ અગ્રવાલે કહ્યું હતું કે, કેબિનેટ સેક્રેટરીએ પ્રવાસી મજુરોના મુદ્દાને લઈને તમામ રાજ્યો સાથે વિડિયો કોન્ફરન્સિંગ કરી છે. મજદુરોને ક્વોરનટાઈન કરવા અને સેનિટાઈઝેશન માટે કહેવામાં આવ્યું છે.

## નિઝામુદ્દીન ગયા...

● પહેલા પાનાનું ચાલુ

આવ્યુ હતુ. લોકોને ક્વોરન્ટીનમાં રાખવા માટે પણ કહ્યુ હતુ. શાહ અને દોભાલને સ્થિતીની ગંભીરતા અંગે માહિતી હતી. કારણ કે સુરક્ષા સંસ્થાઓ દ્વારા કરીમનગરમાં ઈન્ડોનેશિયાના નવ કોરોના પિડિતોની ઓળખ કરી હતી. જેથી તેમના સમજાવવા માટેન પ્રયાસ કરવામાં આવ્યા હતા. સુરક્ષા સંસ્થાઓએ મરકજમાં કોરોના ઈન્ફેક્શનના સંદેશ તમામ રાજ્યોને મોકલી દીધા હતા. દોભાલે સમજાવ્યા બાજદ મરકજે ૨૭, ૨૮ અને ૨૯મી માર્ચના દિવસે ૧૬૭ તબલીગી વર્કરોને હોસ્પિટલમાં દાખલ કરવા માટે સહતમ થતા સમગ્ર પ્રક્રિયા આગળ વધી હતી. દોભાલની દરમિયાનગીરી બાદ જમાત નેતા મસ્જિદની સફાઇ માટે પણ રાજી થયા હતા. દોભાલે મુસ્લિમ સાથે પોતાના જુના સંપર્કોનો ઉપયોગ કર્યો હતો. મુસ્લિમ ઉલેમા તેમની સાથે બેઠક કરી ચુક્યા હતા.દિલ્હીના નિઝામુદ્દીન મરકજમાં તબલીગી જમાતમાં સામેલ થયેલા નવ લોકોના કોરોનાથી મોત થઇ ચુક્યા છે. નિઝામુદ્દીનના મર્કજનો મામલો દિનપ્રતિદિન વધુને વધુ ગંભીર બની રહ્યો છે. હાલત કફોડી બનતી જઈ રહી છે. દોભાલ દ્વારા સમજાવવામાં આવ્યા બાદ ૨૭, ૨૮, ૨૯ તારીખે ૧૬૭ તબલીગી વર્કરોને હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જમાતમાં સામેલ રહેલા નવ લોકોના મોત થઇ ચુક્યા છે જેમાં તેલંગાણામાંથી છ, તમિળનાડુ, દિલ્હી અને મુંબઈમાં એક-એકનો સમાવેશ થાય છે.

## દર્દીઓમાં ખોટો ભય...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બિમારી ધરાવે છે. આ સ્થિતિ વચ્ચે આવા દર્દીઓની સંખ્યા વધે તેવી દહેશત છે. હજુ આગામી દિવસોમાં આ પ્રકારના સંજોગોના લીધે માનસિક આરોગ્ય પર વિપરિત અસર વધુ જોવા મળે તેવી પણ સંભાવના છે. જયોર સોશિયલ મીડીમાં પણ ઘણી બધી નેગેટીવ પોસ્ટના લીધે જનમાનસ પર વિપરિત અસર પહોંચી રહી છે. સમગ્ર વિશ્વમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા પર નજર નાંખીએ તો આંખ પહોળી જઈ જાય તેવી સ્થિતિ છે. પરંતુ ભારતમાં હજુ લોકડાઉનના લીધે આ રોગચાળો પ્રમાણમાં નિયંત્રણ હેઠળ છે. અલબત્ત એટલો ઘાતક નથી. જયારે બિનજરૂરી માહીતી વાગોળતા નાગરિકો વિદેશના દેશો સાથે ભારત સાથે તુલના કરી ઘેરી ચિંતામાં ગરકાવ થાય છે.